VOL. NO. 01 ISSUE NO. 8 AUGUST 2015 PRICE 30/-

# હાદી માસિક

અંક-૮



બાળકો અને નવયુવાનો માટે




Publish 10th of every month , RNI No: GUJGUJ/2015/59960
Registered under Postal Registration No. AHD-C/51/2015-2018 valid up to 31st December-2018
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month
Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD-382440

રૂ. ૩૦/-

# કુરઆનના કિરણો

વહાલા બાળકો!

આ પાના ઉપર અમે તમારા માટે કુરઆનની આયતોની સારી સારી વાતો રજુ કરીએ છીએ જેને તમે ખૂબ વાંચો અને તેના ઉપર અમલ પણ કરો જેથી કરીમ અલ્લાહ અને આપણા માઅસૂમીન પણ તમને પોતાના મિત્રોમાં ગણે.

## કુરઆન કહે છે:

હંમેશા સાચું બોલો.

એક બીજાને સલામ કરો.

નિરર્થક વાતોથી દૂર રહો.

અલ્લાહને યાદ કરતા રહો.

અલ્લાહથી દુઆઓ માગ્યા કરો.

સારી અને નેક વાતોને ધ્યાનથી સાંભળો.

માતા-પિતા માટે રહેમની દુઆ માગ્યા કરો.

એક બીજાને ખરાબ નામોથી સંબોધન ન કરો.

અલ્લાહનુ નામ લઈને વાંચનની શરૂઆત કરો.

એક બીજામાં બુરાઈઓ શોધવાની તકમાં ન રહો.

ઉઠતી વખતે - બેસતી વખતે - સૂતી વખતે (હંમેશા)

સ્પષ્ટતા:- આયતોનાં અનુવાદમાં બાળકોના બૌધ્ધિક સ્તરને દ્રષ્ટિ સમક્ષ રાખીને આયતોનો અર્થ મુજબનો ભાવાનુવાદ કરવામાં આવ્યો છે.



## શવ્વાલુલ મુકર્રમ, હીજરી સન ૧૪૩૬
## જુલાઈ ૨૦૧૫

બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

**વહાલા બાળકો!** **અસ્સલામો અલયકુમ!**

માહે શવ્વાલુલ મકર્રમ આવી પહોંચ્યો છે. આ ઈદુલ-ફિત્ર અને ખુશાલી મનાવવાનો મહીનો છે. આ મહીનામાં આપણને ઈદની ખુશીઓ એટલા માટે પ્રાપ્ત થઈ છે કે આપણે રમઝાન માસની બરકતોનો ખૂબ લાભ લીધો છે. પરવરદિગારનો આ મહીનો આપણાં માટે કેટલી બધી બરકતો અને રહેમતો લઈને આવ્યો હતો એનો અંદાજો આપણને એ દુઆઓમાંથી મળી રહે છે જેમાં આ મહીનાના અસંખ્ય ફાયદાઓનું વર્ણન છે.

ખુદાના આ મહીનામાં ઈસ્તિગફાર (ક્ષમા આપવાના - માફી બક્ષવાના) દરવાજા ખુલ્લા મૂકી દેવામાં આવ્યાં હતાં, હવે આપણે પોતે જ આત્મસંશોધન કરવું જોઈએ કે આપણે આ મહીનામાં કેટલો લાભ ઉઠાવ્યો!

આ આત્મસંશોધન પછી પોતાની ખુશીઓની સીમા પણ આપણે જ નિયત કરવાની છે, જેણે જેટલો લાભ ઉઠાવ્યો હોય તેના પ્રમાણમાં તેના માટે ખુશીઓ અને પ્રસન્નતાઓ છે.

જ્યારે આપણે આ મહીનામાં-તેના મુખારવિંદ ઉપર બદસૂરત ડાઘ જોઈએ છીએ, આ મહીનામાં જ માઅસૂમીન અ.સ. ના પવિત્ર મઝારોને પાડી નાંખવામાં આવ્યા અને આપણાં છઠ્ઠા ઈમામની શહાદત પણ આ મહીનામાં જ થઈ હતી ત્યારે આપણી આ અંગત ખુશીઓ ઝાંખી પડી જાય છે.

આપણે "જન્નતુલ બકીઅ" કે માઅસૂમીન અ.સ. ની કબરો અને રસૂલે અકરમ સ.અ.વ. ના કુટુંબીજનોના મઝારો જ્યાં આવેલાં હતાં તે કબ્રસ્તાન છે તેની પુનઃ સ્થાપના અને મઝારો ફરી બાંધવા માટે શક્ય એટલી તમામ પધ્ધતિઓથી આપણો વિરોધ પ્રગટ કરવો જોઈએ, જેથી કરીને "જન્નતુલ બકીઅ" ની પુનઃપ્રાપ્તિ અને પુનઃ સ્થાપના થઈ શકે અને અહલેબૈતના દુશ્મનો ભવિષ્યમાં આ પ્રકારની હરકતોથી દૂર રહે.

શત્રુએ એ વાત ઉપર કમર કસી છે કે જેવી રીતે પણ શક્ય હોય તે રીતે આ નિશાનીઓને મિટાવી દેવામાં આવે કે જેનાથી અહલેબૈતના અ.સ. ની ફઝીલતો પ્રગટ થાય છે. તેમની આ અભિલાષા તેમના મનમાં જ દફનાઈ જશે કેમકે તમે દેખીતી રીતે કંઈ પણ કરી શકો છો પરંતુ અહલેબૈત અ.સ. પ્રત્યે પ્રેમની જે છાપ લોકોના હ્યદયમાં છે તેને મિટાવી દેવું - ઝાખી પણ પાડી શકાય તેમ નથી.

આપણે પોતાના કાર્યો વડે અહલેબૈત અ.સ. પ્રત્યેના આપણાં પ્રેમને પ્રગટ કરતાં આવ્યાં છીએ અને પ્રગટ કરતાં રહીશું અને અર્વાચીન જગત તો પોતે જ વિદ્વતા અને શ્રેષ્ઠતા ધરાવનારા લોકોને ચાહવા લાગ્યું છે અને ચાહતું રહેશે. ઈન્શાઅલ્લાહ!

વસ્સલામ


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**
સાહેબની યાદમાં

**મુખ્ય તંત્રી :**
સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

**કાર્યવાહક તંત્રી :**
સૈયદ મોહમ્મદ અફ્ઝર
સૈયદ આબીદ હુસૈન એ રિઝવી 7383560072

**સહાયકો :**
અહમદ રેઝા ઝુરારહ
તાલીમ રેઝા અજ્મેરી
એહસાન અલી રિઝવી

**અનુવાદક :**
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી આઇ. એ. એસ (નિવૃત્ત)

**શુષોભન :**
Heb Grafix મોહમ્મદ તાહીર
9898937633 E-mail: smtahir202@gmail.com

**ટુરીંગ એજન્ટ :**
સૈયદ મીસમ મેહદી રિઝવી 9510344219

વાર્ષિક લવાજમ રૂ! ૩૦૦/-

**વિગતો માટે સંપર્ક :**
**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.) ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ, ગુજરાત, ભારત**

E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org

PHONE NO: 079-25892786, 93266 78614, 70969 21472, 97249 37865

# ૮ શવ્વાલ

## જન્નતુલ બકીઅના ધ્વંશનો દિવસ




અહલેબૈત અ.સ. ની અલૌકિક બારગાહ અને અઈમ્મએ બકીઅ (બકીઅ નામના કબ્રસ્તાનમાં જેમની કબરો- જેમના રોઝાઓ આવેલાં છે આપણાં તે ઈમામો) ના રોઝાઓના ધ્વંશનો દિવસ એટલે કે શવ્વાલ માસની આઠમી તારીખ બીજા અશરાનો દિવસ છે. સમગ્ર ઈસ્લામી જગત અને ખાસ કરીને શીઆ લોકોએ આ પાપના અપરાધીઓ પ્રત્યે ઘૃણા અને અનાદર જગજાહેર રીતે પ્રદર્શિત કરવો જોઈએ.

ગેરમાર્ગે દોરાએલ, ગુમરાહ અને અત્યાચારી લોકો (શાસકો)ના સૈન્યે બુલડોઝરો ફેરવીને આજથી ૮૪ વરસ પહેલાં ચાર ઈમામોના રોઝા અને રસૂલે ખુદા સ.અ.વ. ના કુટુંબીજનોની કબરોને પોતાના ધર્માંધપણાં અને શત્રુતાને કારણે ધ્વસ્ત કરી દીધાં હતાં.

આ લોકોએ મુતવક્કિલ અબ્બાસીના અત્યંત ભૂંડા અને ઘૃણાસ્પદ ચરિત્રનું અનુકરણ કરીને ઈમામ હુસૈન અ.સ. ની બારગાહને પણ ધ્વસ્ત કરીને ત્યાં હળ ચલાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો.

કુરઆન મજીદમાં અલ્લાહનો ઈર્શાદ છે કે:

"યૂરીદૂના-લેયુત્ફેઊ-નૂરલ્લાહે-બેઅફવાહેહિમ, વલ્લાહો-મુતિમ્મો નૂરેહી-વલવ-કરેહલ-કાફેરૂન"

(સુરએ સફ્ફ, આયત નં ૮)

અર્થાત: “તેઓ તો એવું જ ઈચ્છે છે કે અલ્લાહના પ્રકાશ (નૂર)ને પોતાના મોંઢેથી (ફૂંકો મારીને) હોલવી નાખે- પરંતુ અલ્લાહ (તો) પોતાના પ્રકાશ (નૂર)ને સંપૂર્ણ કરનાર જ છે પછી ભલેને નાસ્તિકોને આ બાબત અણગમતી કેમ ન લાગે!”

કુરઆન મજીદે ઈસ્લામી જગતને અલ્લાહની તસ્બીહ અને પ્રશંસાના કેંદ્ર સમા ઘરોના આદર અને સન્માનની આજ્ઞા આપતાં ફરમાવ્યું છે કે:

“ફીબુયૂતિન-અઝેનલ્લાહો અનતુરફઆ...”

(સુરએ નૂર, આયત નં ૩૬)

અર્થાત: “(આ દીવો) એમના ઘરોમાં છે કે જેમના વિશે અલ્લાહે (એવી) આજ્ઞા કરી છે કે તેમની મહાનતાને સ્વીકારવામાં આવે અને એ કે તેમાં તેના (અલ્લાહના) નામનું સ્મરણ કરવામાં આવે અને તેમાં તેઓ સવાર-સાંજ તેની (અલ્લાહની) પવિત્રતા વર્ણવે (તસ્બીહ કરે) છે.”

જલાલુદ્દીન સિયૂતી (અહલે સુન્નતના એક અત્યંત ઉચ્ચ કક્ષાના અને અત્યંત આદરણીય વિદ્વાન- જેઓ અનેક પુસ્તકોના લેખક પણ છે.) એ પોતાના પુસ્તક “દુર્રે મન્સૂર”માં નોધ્યું છે કે: “હુઝૂર સ.અ.વ. એ મસ્જિદમાં આ આયતની તિલાવત કરી ત્યારે એક વ્યક્તિએ પુછ્યું: “બુયૂત” (ઘરો)નો ઈશારો કયા ઘરોની બાબત છે?” ત્યારે રસૂલે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું: “પયગમ્બરોના ઘરો” ત્યારે અબૂબક્રે હઝરત ઝહરા સલા. ના આદરણીય ઘર તરફ ઈશારો કરીને પુછ્યું: “આ ઘર પણ (આ આયતમાં વર્ણન છે) તેમાં સામેલ છે?”





પરંતુ અફસોસ કે આ રોઝાઓના વિસ્તૃતિકરણ અને સુશોભનને બદલે તેમને પાડી નાંખવામાં આવ્યાં.

જગતના તમામ બુધ્ધિશાળી વર્ગો અને અગાઉની શરીઅતોનું અનુસરણ કરનાર લોકોની પણ એ શ્રધ્ધા અને પ્રણાલી છે કે તેઓ પણ આદરણીય વ્યકિત અને પયગમ્બરોની કબરોને આદરણીય અને સન્માનનીય ગણે છે.

યહૂદીઓએ પચાવી પાડેલ પેલેસ્ટાઈન (ઈઝરાએલ)માં હઝરતે ઈબ્રાહીમ અ.સ. ની કબર તેવી જ રીતે જોર્ડન-સીરિયા-ઈજીપ્ત અને ઈરાકમાં પયગમ્બરો અને સંતો

ત્યારે આપ હઝરત સ.અ.વ. એ ફરમાવ્યું: “હા-અને આ ઘર તો તે સઘળા ઘરોમાં સૌથી વધારે આદરણીય અને સૌથી મહાન ઘર છે.”

હમણાં થોડાક દિવસો પહેલાં આ ટોળાએ જ ઈમામ અલી નકી અ.સ. અને ઈમામ હસને અસ્કરી અ.સ. ના રોઝાઓને પણ વેરાન કરી નાંખ્યાં છે. ખરેખર તો આ રોઝો આપ હઝરત અ.સ. નું ઘર હતું કે જેમાં અઈમ્મા અ.સ. આપના આદરણીય માતા ખુદાની ઈબાદત અને તેની પ્રશંસા (હમ્દ) ફરમાવતાં હતાં,

(અવસીયા)ની કબરોનું અસ્તિત્વ અને જાળવણી આ બાબતનું જવલંત ઉદાહરણ છે.

પરંતુ દુઃખની વાત તો એ છે કે "નજદ"ના રહેવાસી અરબો ઈસ્લામી સંસ્કૃતિથી વિમુખ છે અને કુરઆન મજીદની આયત કેઃ "કુલ-લા-અસઅલોકુમ-અલય્હે અજરન-ઈલ્લલ-મવદ્દતા-ફિલ કુરબા."

અર્થાતઃ "હે રસૂલ! (આ લોકોને) કહી દો કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસેથી કાંઈ મહેનતાણું માંગતો નથી પરંતુ મારા નિકટના સગાવહાલાઓ સાથે પ્રેમ કરો." (સુરએ શૂરા, આયત નં ૨૩)

પર આચરણ કરવાને બદલે (તેમની સાથે) શત્રુતા ઉપર ઉતરી આવ્યાં છે અને તેમના સ્મૃતિચિન્હોને અને ખાનદાને રિસાલતની અન્ય આદરણીય વ્યકિતઓ તેમ જ અન્ય બુઝુર્ગોને દીનની ઈસ્લામી નિશાનીઓને નષ્ટ કરી દેવા માટે તત્પર થઈ ગયાં છે.



# દુન્યા અને આખેરતના ફાયદાઓ (ભલાઈ)

(ક્રમશ: ચાલનાર લેખમાળા)

પયગમ્બરે અક્રમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે :

"જો કોઈ વ્યક્તિ લોકો સમક્ષ પોતાની યાચનાઓનો દ્વાર ખોલી દે છે (એટલે કે તે દરેક વ્યક્તિ પાસે માંગતો જ ફરે છે) ત્યારે ખુદાવન્દે આલમ તેના માટે દુન્યા અને આખેરતની દરિદ્રતાનો દ્વાર ખોલી દે છે અને જો કોઈ વ્યક્તિ લોકો માટે ભેટ-સોગાત અને દાન-પુણ્યનો દ્વાર ખોલી દે છે ત્યારે ખુદાવન્દે આલમ તેના માટે પણ તેની દુન્યા અને આખેરત માટેની દયા-કૃપા અને ભેટ-સોગાતના દ્વાર ખોલી દે છે."

(કન્ઝુલ ઉમ્માલ, હદીસ ૧૬૭૪૫)

નબીયે અક્રમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:

જો કોઈ વ્યક્તિ રાત્રે વઝુ કરીને (બાવઝુ) સૂઈ જાય અને રાત્રે ક્યારેય જાગી જાય ત્યારે ખુદાવન્દે આલમ સમક્ષ દુન્યા અને આખેરતના ફાયદાઓ પૈકી કોઈ પણ વસ્તુની યાચના કરે તો પરવરદિગાર તેને (તે વસ્તુ) અવશ્ય અર્પણ કરે છે.

(કન્ઝુલ ઉમ્માલ, હદીસ ૪૧૨૭૪)

ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે:

સઘળા સદ્કાર્યો અને દુષ્ટતાઓ તમારી સમક્ષ જ હોય છે પરંતુ મનુષ્ય એ સઘળા સદ્કાર્યો અને દુષ્ટતાઓને આખેરત સિવાય જોઈ શકતો નથી કેમકે ખુદાવન્દે આલમે એ સઘળા સદ્કાર્યોને જન્નતમાં અને સઘળી દુષ્ટતાઓને જહન્નમમાં રાખી છે (એટલે કે મનુષ્ય તેને જન્નતમાં દોરી જાય તેવા કાર્યો (સદ્કાર્યો) કરશે તો જ તે (પોતાના) સદ્કાર્યોને જોઈ શકશે અને એવીજ રીતે સઘળી દુષ્ટતાઓ પણ જહન્નમમાં (જનાર વ્યક્તિ જ) જોઈ શકશે.

(તોહફુલ ઉકૂલ, પા. નં ૩૦૬)

# હરામ વસ્તુ

**હરામ વસ્તુઓ ખાવાનો ત્યાગ કરોઃ**

કુરઆને મજીદમાં ઈર્શાદ થયેલ છે કેઃ "જે લોકો અમે મોકલેલાં દુન્યવી શિક્ષણથી અલિપ્ત નબીની તાબેદારી કરે છે તે (નબી સ.અ.વ.) તેમને આજ્ઞા કરે છે કે પવિત્ર વસ્તુઓને પોતાના માટે હલાલ (સ્વીકાર્ય-ઉપયોગમાં લઈ શકાય તેવી) બનાવી લો અને અશુધ્ધ-પ્રકૃતિથી વિરૂધ્ધની (અપવિત્ર) વસ્તુઓને પોતાના માટે હરામ (વર્જ્ય) બનાવી લો."

(સુરએ અઅરાફ, આયત ૧૫૭)

**ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ**

સદચારિત્ર ત્રણ બાબતોમાં રહેલું છેઃ

૧. હરામથી અંતર

૨. હલાલ (ની પ્રાપ્તિ)ની ઉત્કંઠા

૩. પોતાના કુટુંબીજનો માટે સરળતાનું નિર્માણ

**ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ**

"એ હકીકત છે કે હરામ વસ્તુ કોઈ વસ્તુમાં વૃધ્ધિ નથી કરી શકતી અને કરે તો પણ તેમાં બરકત હોતી નથી. જો તે હરામ વસ્તુને અલ્લાહના કાજે આપી દેવામાં આવે (દાન કરી દેવામાં આવે) તો પણ તેનો કોઈ સવાબ મળતો નથી અને જો પોતાની પાસે રાખવામાં આવે તો તે આખેરતમાં (જહન્નમની) આગ તરફ દોરી જશે." (કાફી, ભાગ ૫, પા નં ૧૨૫, હદીસ ૭)

# ઈમામ સાદિક અ.સ. નો યુગ

ઈમામ જાફર બિન મુહમ્મદ સાદિક અ.સ. પાંચમા ઈમામના ફરઝન્દ છે. આપ અ.સ. સને ૮૩ હિજરીમાં જન્મ્યાં હતા અને ૧૫ શવ્વાલ સન ૧૪૮ હિજરીમાં અબ્બાસી ખલીફા મન્સૂર દવાનેકીના ઈશારે આપને ઝેર આપીને શહીદ કરી દેવામાં આવ્યા હતા.

આપે પોતાની ઈમામતના અંતિમકાળ સુધી કે જે બની ઉમ્મ્યાહના શાસનકાળના અંત અને બની અબ્બાસના શાસનકાળના આરંભનો યુગ હતો તેમાં-તે શાંતિકાળમાં- ઘણો લાભ ઉઠાવ્યો (કેમકે શાસકો પોતાની અંદરો અંદરની લડાઈઓ અને પોતાની સત્તા બચાવવાની લડાઈઓમાં વ્યસ્ત થઈ ગયા હોવાથી તેમને એહલેબૈત અ.સ. ના ચાહકો ઉપર અત્યાચારો ગુજારવા અને ઈમામને તંગ કરવા - આપ અ.સ. ને કેદમાં રાખવા વિગેરે કૃત્યો પ્રત્યે ધ્યાન આપવાનો જ સમય ન હતો તેથી એહલેબૈતના ચાહકો તથા ઈમામ અ.સ. માટે તે કંઈક અંશે શાંતિનો કાળ હતો) અને દિનના શિક્ષણ અને પ્રચાર-પ્રસારમાં વ્યસ્ત થઈ ગયા.

આપે અનેક વિદ્યાઓ, કુરઆન અને હદીસોના ઈલ્મ અને બીજી પણ અનેક વિદ્યાઓમાં ઘણાં વિદ્વાનોને તૈયાર કર્યા. દા.ત. ઝુરારહ, મુહમ્મદ બિન મુસ્લિમ, મોઅમિનતાક, હિશામ બિન હકમ, અબાન બિન તગલબ, હિશામ બિન સાલિમ, હરીઝ, હિશામ કલબી, નસાબાહ, જાબિર બિન હય્યાન વિગેરે જેમને આપે પોતાની વિદ્વતાથી ફૈઝ પહોંચાડ્યો; એટલે સુધી કે અન્ય વિદ્વાનોને પણ દા.ત. સુફયાન સૂરી, હનફી ફિરકાની શરૂઆત કરનાર ઈમામ અબૂ હનીફા, કાઝી સકૂની, કાઝી અબૂ બખ્તર વિગેરેને પણ આપના શિષ્ય હોવાનું સમ્માન પ્રાપ્ત થયું હતું અને એવું કહેવાય છે કે આપણા આ છઠ્ઠા ઈમામની પાઠશાળા અને શિક્ષણ સંસ્થામાંથી ચાર હજારથી વધારે (તત્વચિંતકો) હદીસની વિદ્યા (ઈલ્મે હદીસ)ના વિદ્વાનો તૈયાર થયેલા છે.

એ હદીસો જે આપણાં પાંચમાં અને છઠ્ઠા ઈમામ અ.સ. થી રિવાયત થઈ છે તેની સંખ્યા અન્ય દસ અઈમ્મા અ.સ. થી રિવાયત થયેલી હદીસો જેટલી અન્યથા એના કરતાં પણ વધારે છે.

આપ પોતાના અંતિમ કાર્યકાળમાં અબ્બાસી શાસક મન્સૂરના અત્યાચારોના ભોગ બની ગયાં હતાં. આપના ઉપર નિયંત્રણો મુકવામાં આવ્યા હતા અને આપને નજરકેદ પણ કરવામાં આવ્યા હતા અને આપને ઘણી તકલીફો પણ આપવામાં આવી હતી. તદ્ઉપરાંત અલ્વી સાદાતની એટલી મોટી સંખ્યામાં કત્લેઆમ કરવામાં આવી હતી કે બની ઉમૈય્યાહ પોતાના સંપૂર્ણ શાસનકાળમાં પણ પોતાની નિર્દયતા અને અત્યાચારીપણાંમાં ટોચે હોવા છતાં એ હદે પહોંચી શક્યા નહોતા. અબ્બાસી શાસકના હુકમથી આપ અ.સ. ના અનુયાયીઓને ટોળેટોળામાં પકડી લઈને તેમને જેલો અને કાળકોટ્ઠરીઓમાં પૂરી દેવામાં આવતા હતા જયાં તેમની કોઈ દરકાર લેવામાં આવતી નહોતી અને કોઈ પણ જાતના ખચકાટ વગર શિકંજાઓમાં કસીને ખુબ જ નિર્દયતાપૂર્વક તેઓની કત્લ કરી દેવામાં આવતી હતી; કેટલાંકની તો ગરદન જ ઉડાવી દેવામાં આવતી હતી અને કેટલાકને દીવાલોમાં જીવતા જ ચણી દેવામાં આવતા હતા.

અબ્બાસી શાસક મન્સૂર એ છઠ્ઠા ઈમામ અ.સ. ને કેદ કરવાનો હુકમ કર્યો હતો. (છઠ્ઠા ઈમામ અ.સ. ને આ પહેલા પણ અબ્બાસી શાસક સફફાહ એ કેદ કરીને ઈરાક મોકલી દીધા હતાં અને તે પહેલા પાંચમા ઈમામ અ.સ. ને પણ અમવી શાસક હિશામે દમાસ્કસમાં કેદ કરાવ્યા હતા.)

ઈમામ અ.સ. એક લાંબા સમયગાળા સુધી નજરબંધ રહ્યા હતાં અને આપને કત્લ કરી નાંખવાના કાવત્રા પણ ઘડવામાં આવ્યા હતા અને અનેક વખત આપનું અપમાન પણ કરવામાં આવતું હતું પરંતુ છેવટે થાકીને આપને મદીના પરત ફરવાની છૂટ આપવામાં આવી હતી અને ઈમામ અ.સ. મદીના પરત આવી ગયા હતા અને પોતાનું બાકીનું જીવન તદ્દન શાંતિપૂર્વક (લેશ માત્ર પણ જાહેર લોક સંપર્ક વગર) એકલતામાં વિતાવી દીધું હતું પરંતુ અહિંયા પણ આપને ચેનથી જીવવા દેવામાં આવ્યા નહોતા અને મન્સૂરે છળકપટપૂર્વક આપને ઝેર આપીને શહીદ કરી દીધા હતા.

છઠ્ઠા ઈમામ અ.સ. ની શહાદતની ખબરની જાણકારી મળતાં જ અબ્બાસી

ખલીફા મન્સૂરે મદીનાના હાકેમને આજ્ઞા આપી કે આપના વારસદારો પ્રત્યે મહેરબાની જતાડવા અને સંવેદના પ્રગટ કરવાના બહાને તે ઈમામ અ.સ. ના ઘેર જાય અને આપ અ.સ. ના વસીયતનામાને લઈને વાંચે અને જે વ્યક્તિને આપે ઉત્તરાધિકારી બનાવ્યો હોય તેનું માથું તરત જ વાઢી લેવામાં આવે. આવી આજ્ઞા આપીને મન્સૂર ઈમામતના સિલસિલાને ખત્મ કરી દેવા માંગતો હતો જેથી કરીને શીઆ ધર્મની અવાજને સંપૂર્ણપણે શાંત કરી દઈ શકાય, પરંતુ તેનું આ કાવત્રુ પણ નિષ્ફળ ગયુ કેમકે






મદીનાના હાકેમે જ્યારે ઈમામ અ.સ. ના વસીયતનામાને મેળવીને વાંચ્યું તો તેણે જોયું કે ઈમામ અ.સ. એ તો પાંચ વ્યક્તિઓને પોતાના ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કર્યા હતા જેમાં શાસક મન્સુર અબ્બાસી પોતે મદીનાનો હાકેમ અબ્દુલ્લાહ અફતહ, ઈમામ અ.સ. ના સૌથી મોટા ફરઝન્દ મૂસા અ.સ. અને ઈમામ અ.સ. ના નાના ફરઝન્દ હમીદનો સમાવેશ થતો હતો; આમ મન્સૂરનું આ કાવત્રુ પણ ધૂળમાં મળી ગયું.

(ઉસૂલે કાફી, ભા-૧, પા. ૪૭૨,
દલાએલુલ ઈમામત, પા. ૧૧૧)

# મનુષ્યના વ્યવહાર અને વર્તનનો આધાર

ઈમામ કાઝિમ અ.સ. એ ફરમાવ્યું છે કે:

માનવીના પોતાના સગા-વહાલાઓ સાથેના વર્તન

અને વ્યવહારનો આધાર સાત બાબતો પર હોવો જોઈએ:

૧. સારા કાર્યો કરવા અને ખરાબ કાર્યોથી દૂર રહેવાનો પ્રયાસ.

૨. દરેક કાર્ય વખતે ખુદાની બીક હોવી જોઈએ.

૩. મુશ્કેલ પરિસ્થિતિ અને વિટંબણાઓ અંગે સહનશક્તિ હોવી જોઈએ.

૪. સત્ય પરાયણતા અને નિ:સ્વાર્થ-નિખાલસતા સાથેનું જીવન.

૫. પોતાના મન (અંતર આત્મા)નુ દુષ્ટ અને ખરાબ ઈચ્છાઓથી રક્ષણ કરે.

૬. પોતાના મન (અંતર આત્મા)ને દરિદ્ર બનાવીને રાખે.

(એટલે બીજાઓનો વિચાર કર્યા વગર ફકત પોતાની ઈચ્છાઓની

પ્રાપ્તિ ધ્યેય હોવો જોઈએ નહી.)

૭. પોતાની સુધારણાં અને પોતાના પ્રશિક્ષણ અને ગુનાહોથી

અંતર રાખવાની બાબતે સખ્તાઈ પૂર્વક વર્તે.

# જનાબ લુકમાનની શિખામણો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## નિઃસ્પૃહતાઃ

હે મારા પુત્ર! પોતાના મનને નિઃસ્પૃહ બનાવો

(બીજાઓ પાસેથી સહાયતાની ટેવ ન કેળવો)

અને કોઈ વખતે તમો બીજાઓના આશ્રિત બની જવાની

સ્થિતિમાં આવી જાવ તો પણ એ વાત તેમને જાણવા દેશો નહીં.

અન્યથા, તેમની દ્રષ્ટિમાં તમારી આબરૂ રહેશે નહીં,

આવી પરિસ્થિતિમાં ફકત અલ્લાહ પાસે જ તેની

દયા-કૃપાની યાચના કરજો.

(ઈર્શાદુલ કુલૂબ, પા ૭૨)

## પરહેઝગારી (અલ્લાહની આજ્ઞાઓનું પાલન)

હે મારા પુત્ર! તમારે (હમેશાં) પરહેઝગારી અને અલ્લાહ

(ના ક્રોધ- તેના અઝાબ)ની બીક રાખવી જોઈએ કારણ કે

આ સૌથી વધારે લાભદાયક સોદો અને વ્યવહાર છે.

આ પરિસ્થિતિમાં (ભૂલેચૂકે) તમારાથી કોઈ ગુનાહ થઈ જાય તો

(તે ગુનાહની) ક્ષમા યાચના કરી લો અને પશ્વાતાપ કરો

અને પહેલાની માફક થઈ જાવ.

(ઈર્શાદુલ કુલૂબ, પા ૭૨)




# આપણાં નબી સ.અ.વ. ના સદ્ચારિત્રના દષ્ટાંતો

(ક્રમશ: ચાલનાર લેખમાળા)

આપ હઝરત સ.અ.વ. ના સદ્ગુણો અને સદ્ચારિત્રની કદર કરવામાં આવી નથી:

એલલુશ્શરાએઅ પુસ્તકમાં હઝરત અલી અ.સ. થી રિવાયત છે કે:

"આપ હઝરત સ.અ.વ. એ લોકોમાંથી હતાં કે જેમના સદ્ગુણોની કદર લોકોએ કરી નથી. તમામ કુરૈશ જ્ઞાતિના લોકો અને અરબસ્તાન અને ઈરાનમાં વસતા લોકો પૈકી શું કોઈ એક વ્યકિત પણ એવો હતો કે જેના સદ્ગુણો અને વિશિષ્ટતાઓ આપ હઝરત સ.અ.વ. થી વધારે હોય?"

તેવી જ રીતે અહલેબૈત અ.સ. ના સદ્ગુણોની કદર પણ થઈ નથી અને નેક મોઅમેનીનના સદ્ગુણોની કદર પણ થઈ નથી.

(એલલુશ્શરાએઅ, પાન નં ૫૦૬)

## સર્વશ્રેષ્ઠ સદ્‌ચારિત્ર:

ઉસૂલે કાફી પુસ્તકમાં છે કે હઝરત ઈમામ જાઅફર અ.સ. એ બહરે સક્કા નામના વ્યક્તિને ફરમાવ્યું કે:

“બહર! સદ્‌ચારિત્ર એ પ્રસન્નતાનું કારણ હોય છે.” પછી ઈમામ અ.સ. એ એક હદીસ વર્ણવી જેમાં કહેવામાં આવ્યું હતું કે આપ હઝરત સ.અ.વ. સર્વશ્રેષ્ઠ સદ્‌ચારિત્રવાન હતાં. (અલ-કાફી, હદીસ ૨૧૦૧)

## આપ હઝરત સ.અ.વ. ની વિનમ્રતા:

ઈર્શાદ દયલમી (રહ)થી રિવાયત છે કે:

“આપ હઝરત સ.અ.વ. પોતાના વસ્ત્રોમાં પોતેજ થીગડાં મારતાં હતાં, પોતાના પગરખા પોતેજ સાંધતાં હતાં, ઘેટીઓને પોતેજ દોહતાં હતાં, પોતાના દાસો (ગુલામો)ની સાથે (બેસીને) ભોજન લેતા હતાં, જમીન ઉપર નીચેજ બેસતાં, જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ ખરીદવા માટે બજારમાં કોઈની શરમ અનુભવતા નહોતાં અને બજારથી વસ્તુઓ ખરીદીને પોતેજ ઉપાડીને ઘેર લાવતાં હતાં, ધનવાન અને દરિદ્ર બંને સાથે ઉમળકાભેર હસ્તધૂનન કરતાં હતાં અને જયાં સુધી સામાવાળો પોતાનો હાથ ખેંચી ન લે ત્યાં સુધી પોતાનો હાથ પરત ખેંચવામાં પહેલ કે ઉતાવળ કરતાં નહોતાં, જેને મળતાં તેને સલામ કરવામાં પોતેજ પહેલ કરતાં હતાં અને તેમાં ધનવાન અને દરિદ્ર કે નાના-મોટાનો ભેદ નહોતાં કરતાં, આપને જો (કાંઈ ખાવા માટે) આમંત્રણ આપવામાં આવે તો આપ સ.અ.વ. તેને તુચ્છ નહોતાં સમજતાં, ખરાબ ખજુર ખાવા માટેનું આમંત્રણ હોય તો પણ.” (સુનનુન્નાબી નામના પુસ્તકમાંથી તારવેલું)



# મુશ્કેલીઓ દૂર થાય તે માટેની દુઆઓ

(ક્રમશ: ચાલનાર લેખમાળા)

## નવમી દુઆ

ઈમાન પરિપૂર્ણ થાય અને જીવનપર્યંત ઈમાન ઉપર
અડગ રહેવા માટેની દુઆ:

આ દુઆને દરેક વાજિબ નમાઝ પછી પઢવી:

بسم الله الرحمن الرحيم

رَضِيتُ بِاللَّهِ رَبّاً وَ بِمُحَمَّدٍ صَلَّى اللَّهُ عَلَيْهِ وَ آلِهِ نَبِيّاً وَ بِالْإِسْلَامِ دِيناً

وَ بِالْقُرْآنِ كِتَاباً وَ بِالْكَعْبَةِ قِبْلَةً وَ بِعَلِيٍّ وَلِيّاً وَ إِمَاماً وَ بِالْحَسَنِ وَ الْحُسَيْنِ

وَ عَلِيِّ بْنِ الْحُسَيْنِ وَ مُحَمَّدِ بْنِ عَلِيٍّ وَ جَعْفَرِ بْنِ مُحَمَّدٍ وَ مُوسَى بْنِ جَعْفَرٍ

وَ عَلِيِّ بْنِ مُوسَى وَ مُحَمَّدِ بْنِ عَلِيٍّ وَ عَلِيِّ بْنِ مُحَمَّدٍ وَ الْحَسَنِ بْنِ عَلِيٍّ

وَ الْحُجَّةِ بْنِ الْحَسَنِ صَلَوَاتُ اللَّهِ عَلَيْهِمْ أَئِمَّةً

اللَّهُمَّ إِنِّي رَضِيتُ بِهِمْ أَئِمَّةً فَارْضَنِي لَهُمْ إِنَّكَ عَلَى كُلِّ شَيْءٍ قَدِيرٌ.

"રઝીતો બિલ્લાહે રબ્બંવ, વ-બે-મુહમ્મદિન સલ્લલ્લાહો અલય્હે-વ-આલેહી-નબીયંવ, વ-બિલ-ઈસ્લામે દીનંવ-વ-બિલ કુરઆને કિતાબંવ, વ-બિલ-કાઅબતે કિબલતંવ, વ-બે-અલીયંવ-વલીયંવ-વ-ઈમામંવ, વ-બિલ-હસને-વ-બિલ-હુસૈન, વ-અલીય્યિબ્નિલ હુસૈન, વ-મુહમ્મદ-ઈબ્ને અલી, વ-જાઅફર-ઈબ્ને-મુહમ્મદ, વ-મૂસબ્ને-જાઅફર, વ-અલીય્યિબ્ને મૂસા, વ-મુહમ્મદિબ્ને-અલી, વ-અલીય્યિબ્ને મુહમ્મદ, વલ-હસનિબ્ને અલી, વલ-હુજ્જતિબ્નિલ-હસન સલવાતુલ્લાહે અલૈહિમ અઈમ્મતન, ઈન્ની રઝિતો બેહિમ અઈમ્મતન ફરઝેની લહુમ ઈન્નકા અલા કુલ્લે શૈઈન કદીર."

અર્થાત: “હું અલ્લાહના પાલનહાર (રબ) હોવાથી અને મુહમ્મદ (સલલલ્લાહો અલૈયહે-વ-આલેહી-વ-સલ્લમ)ના નબી હોવાથી અને ઈસ્લામના દીન હોવાથી અને કુરઆનના (અલ્લાહની) કિતાબ હોવાથી અને કાઅબાના કિબ્લો હોવાથી અને અલી અ.સ. ને વલી અને મારા ઈમામ હોવાથી અને તેવી જ રીતે હસન અ.સ., હુસૈન અ.સ., અલી ઈબ્ને હુસૈન અ.સ., મુહમ્મદ ઈબ્ને અલી અ.સ., જાઅફર ઈબ્ને મુહમ્મદ અ.સ., મૂસા ઈબ્ને જાઅફર અ.સ., અલી ઈબ્ને મૂસા અ.સ., મુહમ્મદ ઈબ્ને અલી અ.સ., અલી ઈબ્ને મુહમ્મદ અ.સ., હસન ઈબ્ને અલી અ.સ. અને હુજ્જત ઈબ્નિલ હસન અ.જ. (અલ્લાહ તઆલાની આ સઘળી વ્યક્તિઓ ઉપર સલવાત હોવ) રાજી છું, એમના અઈમ્મા હોવા ઉપર રાજી છું. હે ખુદા! હું એમના અઈમ્મા હોવા ઉપર રાજી છું તેથી તેમની દયા દ્રષ્ટિ મારા ઉપર ફરમાવી દે, નિ:શંક તું દરેક વસ્તુ (દરેક કાર્ય કરવા) પર પ્રભૂત્વ ધરાવે છે.”



# હઝરત નૂહ અ.સ.

(હપ્તો ત્રીજો)

## હું કોઈ ઈમાનવાળા વ્યકિતને અપમાનિત નથી કરતો:

હે મારી જ્ઞાતિના લોકો! હું આ દાઅવત (અલ્લાહના માર્ગે આવી જવાનું આમંત્રણ)ના બદલામાં તમારી પાસેથી કોઈ ધન-દોલત કે કોઈ પ્રકારે અવેજ-બદલાની અપેક્ષા નથી રાખતો. (સુરએ હૂદ, આયત ૨૯)

આ બાબત સંપૂર્ણપણે એ હકીકત સ્પષ્ટ કરી દે છે કે આ કાર્યમાં મારું કોઈ ભૌતિક અથવા ઐહિક લક્ષ્ય નથી. હું ખુદા તરફથી મને મળનાર અને પ્રાપ્ત અલૌકિક અને આધ્યાત્મિક અવેજ સિવાય અન્ય કોઈ બાબતનો વિચાર સુધ્ધાં નથી કરતો અને કોઈ જુઠ્ઠો વ્યકિત એવો ન હોઈ શકે કે કાંઈ પણ વળતર કે અપેક્ષા વગર આવા માથાના દુખાવા અને ઝંઝટને આવી રીતે સ્વીકારી લે. આ તો સાચા માર્ગદર્શકોને ચકાસવા માટેની કસોટી છે કે જેના વડે સાચા અને ખોટાના પારખાં થઈ શકે અને ખોટા અને જુઠ્ઠા માર્ગદર્શકો તો જયારે પણ કાંઈ કાર્ય કરે છે તો સીધી રીતે અથવા ગુપ્ત કે આડકતરી રીતે તેમાં તેમના માટે લાભની તક તો તેઓ રાખતાં જ હોય છે અને તે પછી તેમની જ્ઞાતિના ઘમંડી લોકોની માંગણી કે હઝરત નૂહ અ.સ. પોતાના ઉપર ઈમાન લાવનાર દરિદ્ર-તુચ્છ અને નવયુવાન વયના અનુયાયીઓને તજી દે- તેનો આખરી ફેસલો સંભળાવતાં કહ્યું કે: "કેમકે તેઓ (પોતાના) પરવરદિગાર સાથે મુલાકાત કરશે અને પરલોકમાં તેની (પરવરદિગારની) સમક્ષ મારી સાથે જ હશે." અને છેવટે તેમને એવું પણ જણાવી દેવામાં આવ્યું કે: "તમો અજ્ઞાની લોકો છો." (સુરએ હૂદ, આયત ૨૯)



હે મારી જ્ઞાતિના લોકો! જો હું આ ઈમાનવાળા લોકોને તરછોડી દઉં તો ખુદા સમક્ષ (તેના મહાન ન્યાયાલયમાં) કોણ મારી સહાયતા કરશે? શું આ બાબતે કાંઈ વિચારતાં કે સમજતાં નથી? (તમે) જાણી લો કે હું જે કહું છું તે સંપૂર્ણ સત્ય છે. (સુરએ હૂદ, આયત ૩૦)

## ખુદાના ખજાનાઓ મારા કબ્જામાં નથી:

પોતાની કૌમના તુચ્છ વાંધા-વચકાઓના પ્રત્યુત્તરમાં છેવટની વાત કહેતાં હઝરત અ.સ. એ ફરમાવ્યું કે: "જો તમો એવું વિચારતાં હોવ અથવા એવી અપેક્ષા રાખતાં હોવ કે વહી અને એઅજાઝ (ચમત્કાર) સિવાય બીજી કોઈ રીતે મને તમારા ઉપર સર્વોપરિતા પ્રાપ્ત છે તો તે ખોટું છે. હું સ્પષ્ટ રીતે એ જાહેર કરૂં છું અને ચોખ્ખા શબ્દોમાં તમને કહું છું કે -હું- ખુદાના ખજાનાઓ મારા કબ્જામાં છે તેવા- હું જયારે જે ઈચ્છું તે કરી શકું છું તેવા- દાવાઓ નથી કરતો. હું ભવિષ્યવાણી કરી શકું છું, ગુપ્ત (ગેબની) વાતો જાણું છું તેવો દાવો પણ નથી કરતો અને હું ફરિશ્તો છું તેવું પણ નથી કહેતો." (સુરએ હૂદ, આયત ૩૧)



આવા તદ્દન જુઠા દાવાઓ તો જુઠા દાવેદારો જ કરતાં હોય છે. એક સાચો પયગમ્બર કદી આવા દાવાઓ નથી કરતો, કેમકે ખુદાના ખજાના અને ભવિષ્ય અને ગુપ્ત જાણકારીની વિદ્યા ફક્ત ખુદાની પવિત્ર ઝાતના જ અધિકારમાં છે અને ફરિશ્તો હોવું તે કોઈ માનવીની માનવતા સાથે સમન્વય સાધી શકે નહીં, તેથી જે કોઈ વ્યક્તિ આ ત્રણમાંથી કોઈ પણ દાવો કરે અથવા આ બધાંજ દાવા કરે તો જાણી લો કે તે જુઠો છે અને છેવટે પોતાના અનુયાયીઓની બાબતે ફરીવાર તાકીદ કરતાં જણાવ્યું કે:

“જેઓ તમારી દ્રષ્ટિએ તુચ્છ છે તેવા આ લોકોની બાબતે એવું કહી શકું તેમ નથી જ કે ખુદા આ લોકોને કોઈ સારો બદલો (જઝાએ ખૈર) નહીં આપે.” (સુરએ હૂદ, આયત ૩૧)

ખરેખર તો આ લોક (આ જગત)ની ભલાઈ અને પરલોકની ભલાઈ તેમના માટે જ છે. જોકે તેમની પાસે ધન-દોલત નથી તો પણ તમે પોતે જ પોતાની અપરિપકવ બુધ્ધિથી એવું માની લીધું છે કે ભલાઈ ધન-દોલત-દેખાવના દરજ્જા અને વચમાં રહેલી છે. આમ તમો સાચી હકીકતથી તદ્દન અજાણ છો અને ધારી લો કે તમારી વાત સાચી છે અને તેઓ તુચ્છ અને બદમાશ લોકો છે તો પણ ખુદા તો તેમના મનની વાતોથી જાણકાર છે જ, મને તેમનામાં ઈમાન અને સત્ય સિવાય બીજું કાંઈ દેખાતું નથી તેથી મારી ફરજ છે કે હું તેમનો સ્વીકાર કરૂં. હું જે દેખાય છે તે જ જોઉં છું, મનની વાતોનો જાણકાર તો ખુદા જ છે તેથી હું આ સિવાય (એટલે કે આ દેખાવે તુચ્છ અને દરિદ્ જણાતાં અનુયાયીઓને સ્વીકારવા સિવાય) બીજી રીતે વર્તું તો મારી ગણત્રી અત્યાચારીઓમાં થઈ જશે. (સુરએ હૂદ, આયત ૩૧)

## વહાણ બનાવો છો તો સમુદ્ર પણ બનાવી લો!!!

હવે નૂહ અ.સ. જે બાબતનો પ્રચાર-પ્રસાર કરતા હતાં (જે હકીકત સ્વીકારવાનું કહેતા હતાં) તે પ્રત્યે એકાદ ક્ષણ માટે પણ વિચારણાં કરવાને બદલે, તેને ગંભીરતાથી લેવાને બદલે અને હઝરત નૂહ અ.સ. એ સતત વારંવાર જે વાત દોહરાવી છે તેના મૂળમાં અલ્લાહની વહી હોઈ શકે અને જે મહાન પ્રલય અને અઝાબની ચેતવણી હઝરત નૂહ અ.સ. આપી રહ્યાં છે તે ચોક્કસ આવવાનો જ છે, તેને શકયતા તરીકે પણ વિચારવાને બદલે હઝરત નૂહ અ.સ. ની કૌમના લોકોએ ઘમંડી અને અહંકારી લોકોની જેમ વર્તન દાખવીને ઠેકડી ઉડાવાની પ્રવૃત્તિ શરૂ કરી દીધી. તેમની કૌમના લોકોનો કોઈ સમૂહ



તેમની પાસેથી પસાર થતો અને હઝરત નૂહ અ.સ. અને તેમના અનુયાયીઓને લાકડાં અને ખીલાં વિગેરે એકત્ર કરતાં અને વહાણ બનાવવામાં પ્રવૃત્ત જોતા તો તેમની ઠેકડી ઉડાડતાં અને મજાક ઉડાવતાં પસાર થતાં. (સુરએ હૂદ, આયત ૩૮)

કહેવાય છે કે નૂહ અ.સ. ની જ્ઞાતિના શ્રીમંત લોકોના જુદા-જુદા મંડળો પૈકી દરેક સમૂહે આ લોકોની ઠેકડી ઉડાડવા માટે પોતાની એક ચોક્કસ પધ્ધતિ નક્કી કરી લીધી હતી. એક સમૂહ કહેતો: પયગમ્બરીના દાવાનો વેપલો ચાલ્યો નહીં તો સુથાર બની ગયાં! બીજો સમૂહ કહેતો: વહાણ બનાવો છો -ઘણું સારું- પરંતુ વહાણ માટે સમુદ્ર પણ બનાવી લો ને! કયાંક કોઈ એવા બુધ્ધિશાળી જોયાં છે કે જમીનની વચ્ચે વહાણ બનાવે!!! તેઓ પૈકી કોઈ કહેતો: "આટલું મોટું વહાણ શા માટે બનાવો છો -બનાવવી જ હોય તો નાની હોડી બનાવો- જરૂર પડે તો તેને સમુદ્ર સુધી લઈ જઈ તો શકો!" આવી ઠેકડી ઉડાડતાં ઉડાડતાં અટ્ટહાસ્ય કરતાં ત્યાંથી પસાર થતાં હતાં. આવી વાતો ઘરોમાં પણ થતી, કામકાજના કેન્દ્રોમાં પણ થતી, આવી વાતો એકંદરે વાર્તાલાપનું કેન્દ્રબિન્દુ બની ગઈ હતી.



# ઈમામે ઝમાના અજ. ના સંદેશાઓ (વાણીઓ)

(ક્રમશ: ચાલનાર લેખમાળા)

(૨૦) ઈમામ મહદી અજ. એ ફરમાવ્યું છે કે: નિ:શંકપણે હું પૃથ્વી પરની તમામ સૃષ્ટિમાં રક્ષક છું; તારાઓ આકાશવાસીઓ માટે રક્ષક છે તે રીતે.

(૨૧) છીંકની બરકત:

ઈમામના એક સેવક નસીમે કહ્યું છે કે એક વખત ઈમામ મહદી અજ. ની સેવામાં હતો ત્યારે છીંક આવી ગઈ, આપ અજ. એ ફરમાવ્યું:

"હું તને છીંકની બાબતે ખુશખબર આપું?"

મેં અરજ ગુજારી: "કેમ નહીં! મારા મૌલા!!"

તે પછી ઈમામ અજ. એ ફરમાવ્યું: "છીંક આવવાથી મૃત્યુ ત્રણ દિવસ માટે પાછું ઠેલાઈ જાય છે."

(૨૨) ખત્ના ન કરવાનું પરિણામ:

જેની ખત્ના ન થઈ હોય તેવા વ્યક્તિના શૌચકાર્યથી જમીન ચાલીસ દિવસ સુધી રૂદન અને ખુદાની બારગાહમાં ફરિયાદ કરે છે.

# કયામતના ત્રાજવામાં

## સૌથી પ્રથમ વસ્તુ

પયગમ્બરે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:

"કયામતના દિવસે સૌથી પહેલાં

જે વસ્તુ તોલવામાં આવશે તે સદ્‌ચારિત્ર હશે."

(નેહજુલ ફસાહત, પા. નં. ૧૯૭, હદીસ નં ૯૮૨)

રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:

કયામતના દિવસે સૌથી પહેલાં જે બાબતે ચુકાદો આપવામાં આવશે તે ખૂનના ગુનાહ અંગે હશે. સૌથી પહેલાં જનાબે આદમ અ.સ. ના બંને દીકરાઓ (હાબીલ અને કાબીલ)ને રજુ કરવામાં આવશે અને તેમના વિશે ચુકાદો સંભળાવવામાં આવશે. તે પછી બીજા મનુષ્યો વચ્ચેના ખૂન અને ખૂનામરકીના પ્રસંગો અંગે ચુકાદાઓ આપવામાં આવશે.

(વસાએલુશ્શીઆ, ભાગ ૧૯, પા. નં ૪, હદીસ ક)

# નમાઝ પઢવામાં આળસની સજા



એક વખત હઝરતે ઝહરા સલા. એ પોતાના વાલિદે ગિરામી (પિતા) ને પુછ્યું કે:

"મારા વહાલા પિતાજી! એ પુરૂષ કે સ્ત્રી કે જેનમાઝ પઢવામાં આળસ કરે તેના માટે શું સજા છે?"

આપણાં વહાલા નબી સ.અ.વ. એ ફરમાવ્યું: "મારી વહાલી દીકરી! નમાઝ પઢવામાં આળસ કરનાર પુરૂષ કે સ્ત્રી બંનેને ખુદાવન્દે આલમ પંદર પ્રકારની બલાઓમાં નાંખી દે છે; તે પૈકી છ બલાઓ તેની આ દુન્યવી જીવનની છે, ત્રણ તેના મરતા સમયની, ત્રણ તેની કબરમાંની અને ત્રણ કયામતના દિવસની છે."

આ જગતમાં તેને જે બલાઓમાં નાંખવામાં આવશે એ બલાઓ ૬ છે:

૧. ખુદા તેના આયુષ્યમાંથી બરકત લઈ લે છે.

૨. તેની આજીવિકામાંથી બરકત જતી રહે છે.

૩. તેના મુખારવિન્દ ઉપરથી નેક લોકોની નિશાનીઓ ભૂંસાઈ જાય છે.

૪. તેના બીજા નેક કાર્યોનો તેને સારો બદલો (જઝા) મળતો નથી.

૫. તેની દુઆઓ ખુદા દ્વારા સ્વીકારવામાં આવતી નથી.

૬. બીજા નેક લોકોની (તેના માટેની) દુઆઓનો લાભ પણ તેને થતો નથી.

મૃત્યુના સમયની બલાઓ ૩ છે:

૧. તેનું મૃત્યુ અપમાનિત અવસ્થામાં થાય છે.

૨. તે ભૂખ્યો મરે છે.

૩. તે આખી દુન્યાનુ પાણી પી લે તો પણ તરસ્યો જ મરે છે. (એટલે પાણી-પાણી કરતાં જ મરે છે.)

કબરમાંની બલાઓ ૩ છે:

૧. ખુદાનો ફરિશ્તો તેને અઝાબમાં નાંખી દેશે.

૨. કબર એકદમ સાંકડી થઈને તેને દબાવી દેશે. (ફિશારે કબ્ર)

૩. તેની કબરમાં અંધકાર રહેશે.

આખેરતની બલાઓ ૩ છે:

૧. કયામતના દિવસે ખુદાનો ફરિશ્તો તેને ઊંધા મોઢે બધાંની સામે જમીન ઉપર ઘસડતો લઈ જશે.

૨. તેના આમાલનો હિસાબ ખુબ જ સખ્તાઈપૂર્વક લેવાશે.

૩. ખુદા તેના ઉપર પોતાની રહેમતની દ્રષ્ટિ નાંખશે નહીં, તેને પવિત્ર નહીં કરી દે અને તેને સખ્ત દર્દ પહોંચાડનાર અઝાબ આપશે.

તો બાળકો! આ વિગતો જાણીને આપણે નમાઝને ઉતરતી કક્ષાની (હલ્કી) ગણવી જોઈએ નહીં.



# મોમિનની ૧૦૩ વિશેષતાઓ

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

૪૭. મોમિન ઓછા બોલો હોય છે.

૪૮. મોમિન ખરૂં અને સત્ય બોલનાર હોય છે.

૪૯. મોમિન સદ્દચરિત્રવાન હોય છે.

૫૦. મોમિન ગુનાહો અને ખરાબ કાર્યોથી અલિપ્ત રહેનાર હોય છે.

૫૧. મોમિન ધૈર્યવાન હોય છે.

૫૨. મોમિન મિત્ર હોય છે અને સંકટના સમયે મદદરૂપ થનાર હોય છે.

૫૩. મોમિન પવિત્ર ચારિત્ર ધરાવનાર હોય છે.

૫૪. મોમિન સુશીલ અને સજજન હોય છે.

૫૫. મોમિન બીજાઓને મેણાં ટોણાં મારનાર નથી હોતો.

# અત્યાચારી વ્યક્તિની નિશાનીઓ




રસૂલે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:

અત્યાચારી વ્યકિત ચાર બાબતોથી

ઓળખાઈ જાય છે:

૧. પોતાનાથી કમજોર વ્યકિતને પોતાની શકિત દેખાડીને તેના ઉપર અત્યાચાર કરે છે.

૨. પોતાનાથી મોટાની આજ્ઞાઓનું ઉલંઘન કરે છે.

૩. સત્યને (પોતાનો) શત્રુ ગણે છે.

૪. પોતાના અત્યાચારોનું પ્રદર્શન કરે છે.

# મુનાફિકની નિશાનીઓ

પયગમ્બરે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે:

મુનાફિકના ત્રણ ઓળખ ચિન્હો છે:

૧. તે જ્યારે પણ કાંઈ કહે છે તે જુઠું જ હોય છે.

૨. તે પોતાના તમામ વાયદાઓનો ભંગ કરે છે. (કદીયે વાયદાનું પાલન કરતો નથી)

૩. જ્યારે કોઈ તેની પાસે થાપણ મૂકે છે તો તે (થાપણને) ઓળવી લે છે.




મીઝાનુલ હિકમત, ભા ૧૦, પા ૧૫૩

# પક્ષીઓ-પ્રાણીઓની બોલીઓ

શું તમે જાણો છો કે પક્ષીઓ - પ્રાણીઓ પોતાની બોલીઓમાં શું કહે છે?

તો સાંભળો! આપણા મૌલા અને આકા હઝરત ઈમામ હુસૈન અ.સ. ફરમાવે છે કે:-





**મોર કહે છે:** મેં પોતે મારી જાત ઉપર જુલ્મ કર્યો અને
પોતાની સુંદરતા ઉપર ગર્વ કર્યો.
હે અલ્લાહ, આ માટે તું મને ક્ષમા બક્ષી દે.

**બુલબુલ કહે છે:** અલ્લાહ સિવાય બીજો કોઈ અલ્લાહ
(પાલનહાર) છે જ નહીં.

**બાજ કહે છે:** હે ગુપ્ત વાતોનો જાણકાર અલ્લાહ!
હે આફતોને દૂર ભગાડનાર અલ્લાહ!



**મરઘો કહે છે:** જે ખુદાને બરાબર ઓળખી લે છે.
તે કદી તેને ભૂલી શકતો નથી.

**ગરૂડ કહે છે:** જે અલ્લાહનાં આજ્ઞાંકિત હોય છે.
તે કદી બદકિસ્મત હોતા નથી.

**ઘૂવડ કહે છે:** (ભૂંડા) લોકોથી અંતર રાખવામાં જ સુખ-શાંતિ છે.











કાગડો કહે છે: હે આજીવિકા આપનાર અલ્લાહ!
હલાલ આજીવિકા આપજે.

બતક કહે છે: (ભૂંડા) લોકોથી દૂર રહો જેથી નુકશાન ન થાય.

હુદહુદ કહે છે: અલ્લાહની આજ્ઞાનુ પાલન ન કરનાર
સૌથી મોટો બદકિસ્મત છે.



ગાય કહે છે: પાપથી દૂર ભાગો.

શિયાળ કહે છે: અલ્લાહ જેની રક્ષા કરે છે
તેનો નાશ થતો નથી.



સિંહ કહે છે: અલ્લાહની ઈબાદત કરવા માટે
સખ્ત પરિશ્રમ કરવો જોઈએ.



વહાલા બાળકો! આપણે પક્ષીઓ અને પ્રાણીઓની આ બોધદાયક બોલીઓમાંથી બોધ લેવો જોઈએ અને હંમેશા પોતાના માટે, પોતાના માં-બાપ, ભાઈ બહેનો અને મિત્રો માટે દુઆ કરતા રહેવું જોઈએ.








PRINTED AND PUBLISHED BY: RIZVI MOHMED RAZA ABID HUSEIN ON BEHALF OF
HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST, RNI NO: GUJGUJ/2015/59960
AND PRINTED AT PRINT CARE, N.R. ESTATE, TAVDIPURA, SHAHIBAUG, AHMEDABAD-380 004
AND PUBLISHED FROM HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, BEHIND TASLIM SOCIETY, NEAR GOLDEN PARK, VATVA, AHMEDABAD- 382 440
EDITOR: RIZVI MOHMED RAZA ABID HUSEIN